# ‘મધર્સ-ડે’ ની ઉજવણી માટે ગાંધીનગરમાં અનોખો ઉત્સાહ

## કાર્ડ અને ગીફ્ટ શોપ મધર્સ ડે ની પૂર્વસંધ્યાએ ગ્રાહકોથી ઉભરાયા : અવનવા કાર્ડ-ગીફ્ટ ખરીદવા યુવાનોની ભીડ



ગાંધીનગર, તા. ૧૧

‘મા’ એક એવો શબ્દ જેમાં બાળકનું આખુ વિશ્વ સમાઈ જાય છે. બાપ ગમે તેટલી ચીજવસ્તુઓ લાવી આપે, દાદા-દાદી ગમે તેટલા લાડ લડાવે, ફઈઓ-માસીઓ હથેળી પર રાખે કે નાના-નાની બધા જ નખરાં ઉઠાવે પરંતુ આ બધા ‘મા’ની તોલે ન આવી શકે. ‘મા’ વઢે કે ક્યારેક ટપારે પરંતુ તેના પ્રેમમાં જે ટાઢક અને લાગણી અનુભવાય તે અન્યય છે. એટલે જો માતા-બાળકનો સંબંધ બધા જ સંબંધોમાં સૌથી ટોચ પર છે. આખી જીંદગી પ્રેમનો અનરાધાર વરસાદ વરસાવતી માતાને મધર્સ ડે ના અવસરે એકાદ નાનકડી ગીફ્ટ આપી તેના ચહેરા પર નાનકડું સ્મિત ચોક્કસ આપી શકાય.

આવતીકાલે ૧૨મી મે ના રોજ વિશ્વભરમાં મધર્સ-ડેની ધામધૂમથી ઉજવણી થાય છે. ઈન્ટરનેટ અને સોશીયલ મિડીયાના આ સમયમાં મધર્સની ઉજવણીમાંથી ગાંધીનગરાઓ પણ બાકાત રહ્યા નથી. મધર્સ ડેની પૂર્વ સંધ્યાએ કાર્ડ અને ગીફ્ટ સેન્ટરોમાં ભારે ભીડ જોવા મળી હતી. માતાની ઉંમર અનુસાર યુવાનો કાર્ડ ગીફ્ટની ખરીદી કરી રહ્યા છે. મધર્સ ડે માટે વિશેષ કાઉન્ટર પણ શરૂ કરાયું છે. મમ્મીઓને પસંદ આવે તેવું ખાસ કલેક્શન પણ આ વર્ષે બજારમાં આવ્યું છે. થેન્ક્યુ મોમ, હેપ્પી મધર્સ ડે અને તે ઉપરાંત નાના મેસેજીસ લખેલા મગ કિચેર, ફોટો ફ્રેમ, શોપીસ, કિચેન ઉપરાંત થોડીક મોંઘી ગીફ્ટમાં અલગ અલગ કલરની રીસ્ટ વોચ, ડાયમંડ રીસ્ટ વોચ, પર્સ, ક્લચ, ડાયમંડ અને પર્સની જ્વેલરીની ખરીદી ‘પ્યારી મમ્મી’ માટે થઈ રહી છે. આ ઉપરાંત ફોર મોસ્ટ અમેઝીંગ મોમ, વોર્મ વીશીઝ ફોર માય ડીયરેસ્ટ મધર, વીથ સ્પેશીયલ લવ ફોર માય ડીયરેસ્ટ મધર, ફોર અ વન્ડરફુલ મોમ જેવા લખાણો વાળા ૫૦ થી લઈને ૫૦૦ રૂ. સુધીના કાર્ડ પણ બજારમાં ઉપલબ્ધ છે.

મમ્મીઓને અપાતી ગીફ્ટમાં કાર્ડ ઉપરાંત ચોકલેટ, કેક, કુકીઝ અને સાડી કે ડ્રેસ ઉપરાંત ઘરસજાવટની નાનીમોટી ચીજોની ખરીદી યુવાનોએ કરી હતી. તાજા ફુલોનો બુકે ગીફ્ટ આપવા માટે પણ કેટલાક ઓર્ડર નોંધાયા છે.

# ટુરીઝમના પાર્કીંગ પ્લેસમાં દૂષિત પાણીનો ભરાવો

## સે. ૧૦માં આવેલ ટુરીઝમના પાર્કીંગ પ્લેસમાં એક મહિનાથી ગટરો ઉભરાતા અસહ્ય ગંદકી : વાહનચાલકોએ પાર્કીંગ બાદ દૂષિત પાણીના ખાબોચિયા ખુંદવા પડે છે !





ગાંધીનગર, તા. ૧૧

સે. ૧૦ સ્થિત ટુરીજમના પાર્કીંગ પ્લેસ પાસે છેલ્લા એક મહિનાથી ગટરનું દૂષિત પાણી ઉભરાતા નાગરિકો તોબા પોકારી ગયા છે. પાર્કીંગ વિસ્તારમાં દૂષિત પાણીનો ભરાવો થતા મુલાકાતીઓ તંગ આવી ગયા છે. આ મામલે સંબંધિત તંત્ર દ્વારા પણ કોઈ પગલા લેવાતા નથી.

શહેરના સેક્ટરોમાં છેલ્લા બે મહિનાથી ગટરો ઉભરાવાની ફરિયાદો આમ નાગરિકો માટે પ્રબળ રોષનું કારણ બની છે. રહેણાંક વિસ્તારની સોસાયટીઓમાં છાશવારે ઉભરાતી ગટરોના લીધે સેક્ટરકવાસીઓએ ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવવાનો વારો આવે છે. બીજી તરફ તંત્ર કક્ષાએથી પણ ત્વરિત પગલા ન લેવાતા અસહ્ય ગંદકી અને દુર્ગંધયુક્ત માહોલ વચ્ચે રહીશોમાં રોગચાળાની દહેશત પ્રવર્તે છે. રહેણાંક વિસ્તાર ઉપરાંત કોમર્શિયલ એરિયામાં પણ ગટર લાઈનમાં ક્ષતિઓ ઉદ્ભવતી હોવાની બુમરાડ ઉદ્ભવી છે. જ્યારે સે. ૧૦માં બોર્ડ-કોર્પોરેશનની કચેરીઓ ધરાવતા વિસ્તારમાં પણ ગટરલાઈનમાં કામી સર્જાતા છેલ્લા કેટલાક સમયથી દૂષિત પાણી હીલોળા લઈ રહ્યું છે. પ્રાપ્ય માહિતી અનુસાર સે. ૧૦ સ્થિત માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સ્ટેટ બેંક પાસે સ્થિત ટુરીઝમની કચેરીના પાર્કીંગ પ્લેસ પર છેલ્લા એક મહિનાથી ગટરો ઉભરાતા દૂષિત પાણીનો ભરાવો થયેલો જોવા મળે છે. લાંબા સમયથી ગટરનું ગંદુ પાણી ઉભરાતા વાહનો પાર્ક કરતા મુલાકાતીઓને પણ દૂષિત પાણીના ખાબોચિયા ખુંદવા પડે તેવી સ્થિતિ છે. આ મામલે સ્થાનિક કચેરી કક્ષાએથી પણ કોઈ પગલા લેવાતા નથી. બીજીતરફ ગટરતંત્ર પણ જાણે આ વાતથી અજાણ હોય તેમ ફરિયાદના નિવારણ માટે કોઈ પગલા લેવાતા નથી.

# વીજળીના ભાવ વધારાના વિરોધમાં કોંગ્રેસે આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૧૧

વીજળીના ભાવમાં કરાયેલા વધારા સામે વિરોધ આજે ગાંધીનગર ઉત્તર વિધાનસભા યુવક કોંગ્રેસે જીઈબી સત્તાવાળાઓને આજે એક આવેદનપત્ર આપી ભાવવધારાનો વિરોધ કર્યો છે.

જયદીપસિંહ ઠાકોરના નેતૃત્વમાં શ્રી ભાવેશ દેસાઈ, અંકિત બારોટ, પ્રકાશ વાણિયા, નરેશ ઠાકોર, રાજદીપસિંહ ગોલના પ્રતિનિધિ મંડળે આજે ઉત્તર ગુજરાત વીજ કંપની ગાંધીનગરના કાર્યપાલક ઈજનેરને આ અંગે આવેદનપત્ર આપ્યું છે.

આ આવેનદપત્રમાં જણાવાયુંછે કે શાસન કરતી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભાજપી સરકાર દ્વારા છેલ્લાં ૧૨ વર્ષમાં અનેકવાર વિજ વધારો કરવાથી રાજ્યના ખેડૂતો, મધ્યમ અને ગરીબ વર્ગના પ્રજાજનો ત્રાહિમામ પોકારી ગયા છે. સરકારની ખેડૂત વિરોધી નીતિથી રાજ્યના ખેડૂતો આત્મહત્યાઓ કરવા લાગ્યા છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું જીવન અનેકવિધ પ્રશ્નો અને મુશ્કેલીઓમાં અટવાયેલું છે. અપૂરતો વિજ પુરવઠો અને મર્યાદિત સપ્લાયને લીધે ખેતી નષ્ટ થવા લાગી છે. લોકો ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણી માટે ટળવળે છે. ડાર્કઝોનમાં સમાવિષ્ટ ગામોમાં વીજ કનેકશનો મેળવવા ઈચ્છુક ખેડૂતોને જોડાણ ન મળવાથી હજારો એકર જમીન સૂકીભઠ્ઠ જોવા મળે છે. આમ, ઉપર જણાવ્યા પ્રમાણેના લોકોના પ્રશ્ને સરકારશ્રીની ખેડૂત વિરોધી નીતિ, અપૂરતા વિજ પુરવઠો, છાશવારે કરાતાં ભાવવધારા સામે અમારો સખ્ત વિરોધ નોંધાવીએ છીએ.

# શહેરના જાહેર શૌચાલયો કોર્પોરેશનને સોંપવા માહિતી આયોગનો આદેશ

## શહેર વસાહત મહામંડળે આ મામલે માહિતી આયોગ સમક્ષ રજૂઆત કરી હતી

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં કંગાળ અને બિનઉપયોગી ભાસતા જાહેર શૌચાલયોના સંચાલનનો મામલો છેલ્લા ૬ વર્ષથી ફંગોળાયેલી હાલતમાં છે. જાળવણીના અભાવે ગંદકી સહીત અનેક દૂષણોનો અડ્ડો બની ગયેલા શૌચાલયોને વાસ્તવિક રીતે લોકઉપયોગી બનાવવા પ્રયાસો હાથ ધરાયા છે. ત્યારે આ મામલે શહેરના જાહેર શૌચાલયોને કોર્પોરેશનને સોંપી દેવા ગુજરાત માહિતી આયોગે આદેશ કર્યો છે. આ સંદર્ભે ત્વરિત કાર્યવાહી હાથ ધરવા પણ માહિતી આયોગે માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને જણાવ્યું છે.

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યું ત્યારબાદ સેક્ટરોમાં નિર્માણ કરાયેલા શૌચાલયો દાયકાઓના અંતે કંગાળ હાલતમાં છે. શહેરમાં હાલની સ્થિતિએ ૨૨ શૌચાલયો બંધ અને બિન ઉપયોગી હાલતમાં છે. સમય જતા તંત્ર દ્વારા શૌચાલયોની દરકાર લેવાનુ ચુકતા સેક્ટરોમાં સ્થિત શૌચાલયોમાં ગંદકીની સાથે અનેક દૂષણો પાંગરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્ભવી હતી. આ પૈકી બિનઉપયોગી ૬ જેટલા શૌચાલયો તોડી પાડવામાં આવ્યા હતા.

શહેરના જાહેર શૌચાલયોની જાળવણી અને સંચાલનના મામલે વર્ષ ૨૦૦૬ દરમિયાન શહેર વસાહત મહામંડળો નોટીફાઈડ એરિયા સમક્ષ રજૂઆત કરી હતી પરંતુ સંતોષકારક પ્રતિઉત્તર ન મળતા મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આયોગને અપીલ કરી હતી, ત્યારબાદ આ શૌચાલયો એન.જી.ઓ.ને સોંપવા પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. પરંતુ મહામંડળની ફરિયાદ અનિર્ણિત રહેતા આ મામલે ફરી માહિતી આયોગ કક્ષાએ સુનાવણી હાથ ધરાઈ હતી. જેના અંતે ગુજરાત માહિતી આયોગ કમિશનર બળવંતસિંહે શહેરના જાહેર શૌચાલયોનું સંચાલન કોર્પોરેશનને સોંપવા આદેશ કર્યો છે. આયોગે માર્ગ-મકાન વિભાગના અગ્ર સચિવને પત્ર લખી આ જવાબદારી કોર્પોરેશનને સોંપવા જણાવાયુંછે. જ્યારે આ મામલે વિભાગના અધિકારીઓને ત્વરિત કાર્યવાહી હાથ ધરવા પણ જણાવાયું છે.




# બાજરીના પાકમાં ઈયળોનો ઉપદ્રવ થતાં જિલ્લાના ખેડૂતો ચિંતાતુર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં એક તરફ ગરમીનો પ્રકોપ ચાલી રહ્યો છે ત્યારે ઉનાળુ બાજરીમાં લીલી ઈયળનો ઉપદ્રવ દેખાતાં ખેડૂતોની ચિંતાનો પાર રહ્યો નથી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે લીલી ઈયળોના ઉપદ્રવને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે. પાક તૈયાર થઈ જવા આવ્યો છે ત્યાં જ આ ઉપદ્રવને કારણે ઉત્પાદન પર અસરો પડશે તેને લઈ ચિંતામાં વધારો થયો છે.

જિલ્લામાં ૮ હજાર હેક્ટર કરતાં પણ વધુ વિસ્તારમાં ઉનાળુ બાજરીનું વાવેતર થયું છે. બાજરીના ઉત્પાદનના છેલ્લા તબક્કામાં આ ઈયળોના ઉપદ્રવની જાણ ખેતીવાડી તંત્રને થતાં ગ્રામસેવકોને જરૂરી માર્ગદર્શન ખેડૂતોને મળી રહે તે માટે તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાં પાક ઉત્પાદન પર વિપરીત અસરો થવાની શક્યતાઓને તંત્રના અધિકારીઓ નકારી રહ્યા છે. જોકે આંશિક નુકસાન થવાનો એકરાર કરે છે. મોટાભાગે પાકની લણણીની કામગીરી ચાલી રહી છે. જોકે આ ઈયળના ઉપદ્રવનું કારણ તંત્રને પણ સમજાતું નથી. આટલી ગરમીને લઈ આ ઈયળોના ઉપદ્રવથી તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

હૃદયાંજલી



શ્રીમતી પ્રતિમા હરેશ નિમાવત

હરેશ જમનાદાસ નિમાવત
પરિવાર













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com